ગુ.રા.ટ્રા.ડે.રે.ઇ. સોસાયટી ગાંધીનગર હસ્તકની ઈએમઆરએસ અને એલએલજીઆર એસના બાંધકામ અંગે..

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :અમશ/૧૫૧૦/ન.બા./૧૨/ઘ
સચિવાલય, ગાંધીનગર
*તારીખ :૭/૦૫/૨૦૧૦*

વંચાણે લીધા :-

૧. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની એસએફએસ ફાઇલ પરની તાઃ૬/૧૧/૨૦૧૦ થી મળેલ દરખાસ્ત..

ઠ રા વ :-

ગુજરાત રાજયમાં અનુ. જનજાતિના વિધાર્થીઓ માટે એકલવ્ય રેસી. સ્કુલ ચલાવવામાં આવે છે. એકલવ્ય મોડેલ રેસી. ડેન્સીયલ સ્કુલની યોજના ૧૦૦ ટકા કેન્દ્ર અનુદાન થી અમલમાં મુકેલ છે, રાજયમાં કાર્યરત એ.મો. રે. શાળાઓનો વહીવટ ગુ.રા.ટ્રા.ડે.રે ઇ સોસાયટી ગાંધીનગર ને કેટલીક નવી નિવાસી શાળઓ ચાલુ કરવાની મંજુરી આપતાં સદર સોસાયટી કુલ ૫૧ નિવાસી શાળાઓનું સંચાલન કરે છે.ઇએમઆરએસ અને એલએલજીઆરએસ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત છે પરંતુ LLGRS યોજનાઓમાં શાળાના બાંધકામની જોગવાઇ ન હોઇ હાલ ૧૦ શાળાઓ ભાડાના મકાનમાં ચાલે છે. જેથી કાયમી શાળાના મકાનની જરૂરિયાત ઉભી થયેલી છે જેથી ૮ નવી LLGRS શાળાઓ બાંધવા તથા આઠ શાળાઓને સંલગ્ન સ્ટાફ કર્વાટર્સ, સૌર ઉર્જાના કામ લેન્ગ્વેજ લેબ , આઇટી મળવાપાત્ર સુવિધાઓ ,લાઇબ્રેરી એકટીવીટી હોલ, કડાણા ખાતેની LLGRS શાળા ચલાવવા માટે તથા નવીનીકરણ LLGRS તથા તેને આનુષંગિક સુવિધાઓ માટે, તથા અગાઉ બાંધકામ પુર્ણ થયેલ ૮ EMRS સ્કુલો તથા વેજલપુર -દાહોદ ખાતેની.૧૧- EMRS શાળાઓ બાંધકામના સુધારા-વધારા ઉપરાંત કેટલીક સૈનિકસ્કુલો પીપીપી મોડેલથી નવી ઉભી થયેલ શાળાઓ માટે આવશ્યક ખર્ચ ,વગેરેને પહોંચી વળવા માટે, આમુખ (૧) થી જણાવવેલ કમિશનરશ્રી આદિજાતિ વિકાસ એ SFS ફાઇલ થી કરેલ દરખાસ્તને પુખ્ત વિચારણાના અંતે ગુ.રા.ટ્રા.ડે.ઇ.સોસાયટી ગાંધીનગર EMRS અને LLGRS.મકાન બાંધકામ માટે સને ૨૦૧૦-૧૧ ના અંદાજપત્ર માં રૂા.૨૯.૦૦ કરોડની (આવર્તક ખર્ચ રૂા.૧.૦૧ કરોડ અને અનાવર્તક ખર્ચ રૂા.૨૭.૯૯ કરોડ) TASP સદરે રૂા. ૨૯.૦૦ કરોડ ની બાંધકામ અંગેની નવી સેવાને નીચે જણાવેલ શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૦-૧૧ ની સુધારેલ અંદાજપત્રિય જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામ ની યોજના માટે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના પ્રર્વતમાન એસ. ઓ. આર. મુજબ નકશા અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારીની વહીવટી / તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇ અને લાગુ પડતા ધારા ધારણને આધીન નિયત પધ્ધતિથી તાઃ૧/૪/૨૦૧૦ થી કરવાનું રહેશે.

(૪) સૂચિત યોજના માટે ભારત સરકાર તરફથી સહાય મળવા પાત્ર થતી હોય તો તે સત્વરે મેળવી લેવાની તકેદારી રાખવાની રહેશે.

(૫)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૬) રજૂ કરેલા અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૦૫/૧૪૦૭/છ, તાઃ ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઇ"- ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇ / સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) સૂચિત યોજના સમયસર પુર્ણ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

શાળાઓ ના બાંધકામ માટે શાળાદીઠ કેપીટલ કોસ્ટના ૩૦ ટકા લેખે જે શાળા માટે આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ જમીન ઉપલબ્ધ થયેલ છે તેના બાંધકામ માટે ગ્રાન્ટ ફાળવવાની રહેશે બાકીની શાળાઓ માટે જમીન મળ્યાબાદ જ ગ્રાન્ટ ફાળવણી કરવાની રહેશે.ઉપયુક્ત સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ, નવી બાબતની માંગણી ક્રમાંકઃ ૯૬,ના મુખ્ય સદર ૨૨૨૫,અ.જાતિ.ઓ,અનુ.આદિજાતિઓ અને પછાત વર્ગનું કલ્યાણ, ગૌણ સદર -૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના મુખ્ય સદર -૦૨-અનુ.આદિજાતિ કલ્યાણ બાબત નં-૪૨- એકલવ્ય મોડેલ સ્કુલ અને હોસ્ટેલ માટેની ગ્રાન્ટ આવર્તક રૂા. ૧.૦૧,૦૦,૦૦૦/- અને અનાવર્તક રૂા.૨૭,૯૯,૦૦,૦૦૦/- બીસીકે-૨૩૦ એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી નાણાં વિભાગની તાઃ૨૭/૪/૨૦૧૦ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી તેમના નામે.

( પી.એલ.ભાભોર )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

* માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,/ સચિવનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. સંસદીય સચિવશ્રી, (આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી ,ગાંધીનગર
મુકામી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી,(આ.વિ)સચિવાલય, ગાંધીનગર

સેકશન અધિકારીશ્રી -ગ- શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
પી. શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાયબ સેકશન અધિકારી,સિલેકટ ફાઇલ,
સિલેકટ ફાઇલ,
* પત્ર દવારા
RAVAL- AMS-1510-NBA-9-GH-SCULR-410

## નવી બાબત અંતર્ગત બાંધકામ કરનાર EMRS અને LLGRS સ્કુલોની યાદી
## નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ ની પ્રોપોઝલ મુજબ

| અ. નં. | શાળાનું નામ અને સ્થળ | જમીનનું પ્રકાર | સર્વે નંબર | જમીનના કબજા'અંગે અદ્યતન પરિસ્થિતિ |
|---|---|---|---|---|
| ૧. | એલએલજીઆરએસ – અમીરગઢ | સરકારી જમીન | ૧૫૪ પૈકી | કબ્જો ધરાવે છે. |
| ૨. | એલએલજીઆરએસ – અંબાજી | સરકારી જમીન | ૧૦૧ | કબ્જો ધરાવે છે. |
| ૩. | એલએલજીઆરએસ – કવાંટ | સરકારી જમીન | ૧૦૩ | માંગણી કરેલ છે |
| ૪. | એલએલજીઆરએસ – સાપુતારા | સરકારી જમીન | સરકારે પ્રાપ્ત કરેલ જમીન | કબ્જો ધરાવે છે. |
| ૫. | એલએલજીઆરએસ – કપરાડા | સરકારી જમીન | ૯૬૪,૯૬૫,૯૭૬,૯૬૮ | કબ્જો ધરાવે છે. |
| ૬. | એલએલજીઆરએસ – ધરમપુર | સરકારી જમીન | ૧૧૪૦ | કબ્જો ધરાવે છે. |
| ૭. | એલએલજીઆરએસ – નારુકોટ | સરકારી જમીન | ૩૬ | કબ્જો ધરાવે છે. |
| ૮. | એલએલજીઆરએસ – ઘોઘમ્બા | સરકારી જમીન | ૧૨૨૦ પૈકી(૨૯૧) | કબ્જો ધરાવે છે. |
| ૯. | મોડેલ સ્કુલ – અમીરગઢ | સરકારી જમીન | ૧૫૪ પૈકી | કબ્જો ધરાવે છે. |
| ૧૦. | મોડેલ સ્કુલ – અંબાજી | સરકારી જમીન | ૧૦૧ | કબ્જો ધરાવે છે. |
| ૧૧. | મોડેલ સ્કુલ – આગિયા | સરકારી જમીન | ૮૦૮/૧ પૈકી ૩ | કબ્જો ધરાવે છે. |
| ૧૨. | મોડેલ સ્કુલ – ખરેડી | સરકારી જમીન | ૨૧૪ | કબ્જો ધરાવે છે. |
| ૧૩. | મોડેલ સ્કુલ – ઝાલોદ | સરકારી જમીન | ૯૦૬ અને ૯૦૭ | માંગણી કરેલ છે |
| ૧૪. | મોડેલ સ્કુલ – લિમખેડા | સરકારી જમીન | ૧૧૯/એ | માંગણી કરેલ છે |
| ૧૫. | મોડેલ સ્કુલ – બેન્ડા | સરકારી જમીન | ૯૭ | માંગણી કરેલ છે (પરતું સ્થળ બદલવાનું વિચારણા હેઠળ છે) |
| ૧૬. | મોડેલ સ્કુલ – પુનિર્વાડ | સરકારી જમીન | ૨૩૬,૨૩૭,૨૪૩ | કબ્જો ધરાવે છે. |
| ૧૭. | મોડેલ સ્કુલ – લિન્ડા | સરકારી જમીન | સરકારી જમીન | કબ્જો ધરાવે છે. |
| ૧૮. | મોડેલ સ્કુલ – ગોજારિયા | સરકારી જમીન | ૧૦૩ | માંગણી કરેલ છે |
| ૧૯. | મોડેલ સ્કુલં – વડાતલાવ | સરકારી જમીન | ૫૮/૧, ૧૬,૧૭,૧૮ | કબ્જો ધરાવે છે. |
| ૨૦. | મોડેલ સ્કુલ – ડેડિયાપાડા | સરકારી જમીન | ૨૦ | કબ્જો ધરાવે છે. |